**<u>અરજદારની ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૪૫૧ અને ૪૫૭ મુજબની અરજી લગત હુકમ.</u>**

..............................................................................................................

(૧) આ કામનાં અરજદારની અરજી તથા રજુ થયેલ પેપર્સ વંચાણે લીધા. પોલીસ અભિપ્રાય વંચાણે લીધો.

(૨) હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે તેઓ અરજી માં જણાવ્યા મુજબના સરનામે હાલમા રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ જે બનાવમાં તેઓનાં (૧) **ICICI BANK** બેંકનાં ખાતા નંબર **005101515027** માંથી **રુપીયા 19,50,860/-** (૨) **UNION BANK OF INDIA** બેંકનાં ખાતા નંબર **520462000566114** માંથી **રુપીયા 12,08,000/-** ઉપડી ગયેલ હતા. આમ કુલ્લે **રુપીયા 31,58,860/-** ઉપડી ગયેલ હતાં. જે બાબતે તેઓએ ફરીયાદ નોંધાવેલ હતી. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ ધ્વારા સામાવાળાના **YES BANK ના ખાતા નં. 051763300003091** માં તેઓના ગયેલ નાણા પૈકી **<u>2,500/- રુપીયા</u>** ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી સદર બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે આ બાબતે એફ.આઈ.આર થયેલ નથી. તેઓને ખુબજ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રુપીયાની જરુર હોય સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૪૫૧ અને ૪૫૭ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૩) સદરહું અરજી બાબતે પોલીસ અભિપ્રાય મંગાવતા ત.ક.અ.શ્રીએ જણાવેલ છે કે, હાલના અરજદાર સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ જેમાં અરજદારનાં એકાઉન્ટમાંથી અરજદારની અરજી મુજબનાં નાણાં ઉપડી ગયેલ હતા. જે બાબતે અરજદારે પોતાની ફરીયાદ નોંધાવેલ હતી. જે ફરીયાદ આધારે અરજદારના ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાનાં ઉપરોકત ખાતામાં તેઓના ગયેલ નાણા પૈકી **<u>2,500/- રુપીયા</u>** સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે નાણા પાછા મેળવવા માટે અરજદારે આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારુ તેઓનો અભિપ્રાય માગેલ છે. જે બાબતે તેઓએ જણાવેલ છે કે અરજદારના નાણા સામાવાળાના જે ખાતામાં ગયેલ તે બેન્ક ખાતા બનાવટી હોવાનુ તપાસમા જાણવા મળેલ છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી તે રુપીયા અરજદારને પરત આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

(૪) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતા સદર નાણા બેંક ખાતામા ફ્રીઝ કરેલ હોય તેથી રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી તેમજ ભવિષ્યમા પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં

નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩ (૧) જી.એલ.એચ.પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ::–</u>**

– અરજદારની અરજી ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ ૪૫૭ અન્વયે આથી મંજુર કરવામાં આવે છે.

– અરજદારને સદર ગુનાના કામે ફ્રીઝ કરવામાં આવેલ **<u>2,500/- રુપીયા</u>** પુરા દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલીજ રકમના સધ્ધર જામીન સંબધિત પોલીસ સ્ટેશનમાં આપેથી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરુપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો–</u>

(૧) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા અત્રેની અદાલત મા જમા કરાવવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણા પર કલેઈમ કરે અને પોતાનો હક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ તાત્કાલીક પરત કરવાની રહેશે.

(૩) અરજદારે સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો/કરાવવો નહી.

(૪) કોઈ પણ શરતનો ભંગ થયેથી હાલનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાને પાત્ર રહેશે.

– વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારીએ તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેન્કને કરવી તેમજ સબંધીત બેન્ક ને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબનાં જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા આ હુકમની જાણ કર્યેથી દિન–૭ માં તેઓની **YES BANK ના ખાતા નં. 051763300003091** માં ફ્રીઝ કરેલ રકમ **<u>2,500/- રુપીયા</u>** અરજદારના **UNION BANK OF INDIA બેંકનાં ખાતા નંબર 520462000566114** માં જમા/ટ્રાન્સફર કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા સંબંધીતપોલીસ સ્ટેશનને બીનચુક કરવી.

હુકમ આજરોજ લોકઅદાલતના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૦૯–૧૨–૨૦૨૩

(મનીષ વી. ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
**જજ કોડ નં.– GJ01015.**